## પોઝિટિવ ન્યૂઝ

# 6 બાલવાડીઓને સુવિધાથી સજ્જ કરવા BCCનો પ્રોજેક્ટ



વડોદરા | બરોડા સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા શહેરના વિવિધ સ્લમ વિસ્તારોમાં ચાલતી 6 બાલ આંગણવાડીઓને સુસજ્જ કરવાનો પ્રોજેક્ટ શરુ કરાયો છે. છેલ્લા 32 વર્ષથી બરોડા સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા 6 બાલ આંગણવાડી ચલાવામાં આવે છે. સ્લમ વિસ્તારના જરુરીયાતમંદ પરિવારોના બાળકોનું યોગ્ય રીતે ભણતર અને ઘડતર કરી શકાય તે હેતુસર બરોડા સિટીઝન્સ કાઉન્સિલ અને આઇનોક્સ ગૃપ દ્વારા 6 બાલ આંગણવાડીઓને વિવિધ સાધનોની સજ્જ કરવાનો પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટના ભાગરુપે બાલવાડીના તમામ બાળકોને પાયાનું શિક્ષણ આપવા ઉપરાંત અલગ અલગ કૌશલ્યલક્ષી શિક્ષણ આપવાની સાથે પૌષ્ટીક આહાર મળી રહે અને બાળકોનો સંપુર્ણ વિકાસ થાય તેનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં મકરપુરા વિસ્તારમાં ઝવેરનગરમાં આવેલ બાલ આંગણવાડીથી આ પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.